ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

# બીએ સેમેસ્ટર ૧ (ફ્રેશ) NEP-2020 પરીક્ષા જાન્યુઆરી ૨૦૨૫

ગુજરાત યુનિવર્સિટી એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ

સૂચનાની પ્રિન્ટ લઈ સાચવી રાખો

રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૪-૦૧-૨૦૨૫ છે. ત્યારબાદ તા. ૧૦-૦૧-૨૦૨૫ સુધી રેગ્યુલર ફી ઉપરાંત રૂ. ૫૦૦/- લેઇટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે.

ફોર્મ ગુજરાત યુનિવર્સિટી ની વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે

ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીનું ABC ID ફરજિયાત હોય સૌ પ્રથમ વિદ્યાર્થીએ પોતાનું ABC ID બનાવવું પડશે

ABC ID બનાવવા માટે વેબસાઈટ https://www.abc.gov.in છે.

કોઈપણ વિદ્યાશાખાના ધોરણ 12 કે તેને સમકક્ષ પરીક્ષા પાસ વિદ્યાર્થી ફોર્મ ભરી શકશે

વિદ્યાર્થીએ પોતાની લાયકાતની સંપૂર્ણ ચકાસણી કરીને એ આ ફોર્મ ભરવું.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ફોર્મની ચકાસણી કર્યા બાદ જો કોઈ વિદ્યાર્થી ગેરલાયક ઠરશે તો વિદ્યાર્થીએ આપેલ પરીક્ષા રદ થવા પાત્ર રહેશે

વિદ્યાર્થીએ ફોર્મમાં નામ, સરનામું કાળજીપૂર્વક નામ ધોરણ 12ના ગુણપત્રક મુજબ જ લખવું

સૌપ્રથમ યુનિવર્સિટીની વેબસાઈટ પર વિદ્યાર્થીએ નામની નોંધણી કરાવવી નોંધણી કરાવ્યા વખતે બનાવેલ યુઝર આઇડીનો ઉપયોગ કરી લોગીન કરીને જે પરીક્ષા આપવા ઈચ્છતા હોય તેની વિગત સંપૂર્ણપણે ભરવાની રહેશે

વિષયો પાછળથી બદલવા અંગેની કોઈપણ સંજોગોમાં વિનંતી માન્ય રાખવામાં નથી આવતી માટે ખૂબ કાળજીપૂર્વક વિષયો પરીક્ષા ફોર્મમાં ભરવા આવશ્યક છે અને પરીક્ષા ફોર્મમાં ભરેલા વિષયોની નોંધ પોતાની પાસે ખાસ રાખવી

આપેલ વિષયોની યાદી પૈકી કોઈ પણ એક વિષયની પસંદગી મેજર વિષય તરીકે એક વિષય માઇનર વિષય તરીકે અને એક વિષય એમડીસી તરીકે પસંદ કરવાનો રહેશે

તદુપરાંત AEC, SEC એક-એક પેપર અને VAC માટે IKS પેપર આપવામાં આવે છે

દરેક વિદ્યાર્થીએ NEP-૨૦૨૦માં આપેલા સિલેબસ પ્રમાણેના અભ્યાસક્રમ મુજબની જ તૈયારી કરવાની રહેશે

વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી મેળવવાનો રહેશે યુનિવર્સિટીએ ઠરાવ કરેલ અભ્યાસક્રમ મુજબ જ પરીક્ષા લેવામાં આવશે

વિદ્યાર્થી જે પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવા માંગતા હોય તે પરીક્ષા કેન્દ્રનું નામ પસંદ કરો ત્યારબાદ પરીક્ષા કેન્દ્ર બદલી આપવામાં આવશે નહીં

ફોર્મમાં વિદ્યાર્થીએ પોતાનો પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ તેમજ સહી તદુપરાંત ધો.૧૨ પાસ કર્યાની માર્કશીટ અને લાગુ પડતું હોય તો માઈગ્રેશન સર્ટિફિકેટ 50 kb થી મોટા ન હોય તેવા અપલોડ કરવા ફરજિયાત છે વિદ્યાર્થીએ પોતાનું યુઝર આઇડી યાદ રાખવું

ફોર્મ સંપૂર્ણપણે ભરાઈ ગયા બાદ સેવ અને લોક કર્યા બાદ તેને પ્રિન્ટ લઈ પોસ્ટ ઓફિસમાં ફોર્મ ઉપર દર્શાવેલ નિયત ફી સાથે જમા કરાવવું

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

## ફોર્મ સાથે જોડવાના દસ્તાવેજો

ફોર્મ સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે

ફોર્મ જમા કરાવતી વખતે તમામ અસલ દસ્તાવેજો ચકાસણી માટે સાથે રાખવા ફરજીયાત છે

૧) ધોરણ 12 કે તેને સમકક્ષ પરીક્ષાના ગુણપત્રક ની સ્વપ્રમાણિત નકલ

૨) ABC IDની ફોટોકૉપી

3) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ની નકલ/કોલેજનું અસલ ના વાંધા પ્રમાણપત્ર (NOC)

૪) જે વિદ્યાર્થીઓએ ગુજરાત બોર્ડ સિવાય બીજા અન્ય બોર્ડ કે પબ્લિક યુનિવર્સિટીમાં આભ્યાસ કરેલ હોય તેમણે જે તે બોર્ડમાંથી અસલ માઇગ્રેશન / ટ્રાન્સફર પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત છે. ત્યારબાદ જ રજીસ્ટ્રેશન અંગેની ઘટતી કાર્યવાહી થઈ શકશે તેની ખાસ નોંધ લેશો

૫) ઓર્ડિનન્સ O. 174 D મુજબ જણાવેલી વ્યક્તિઓ પૈકી ગમે તે એક વ્યક્તિના સહી સિક્કા પરીક્ષા ફોર્મમાં દર્શાવેલ સ્થળે તમારી સહી સાથેના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ ઉપર કરાવવા જો સહી-સિક્કા ન કરાવી શક્યા હોય તો તેની અવેજીમાં વિદ્યાર્થીએ પોતાના પોતાની ઓળખ માટે નીચેની યાદી માંથી કોઈપણ એકની નકલ રજૂ કરવાની રહેશે

i. આધારકાર્ડ
ii. પાનકાર્ડ
iii. ઇલેક્શન કાર્ડ
iv. ડ્રાઇવિંગ લાઇસન્સ
v. પાસપોર્ટ
vi. ફોટાવાળી ધોરણ ૧૨ની પરીક્ષા રસીદની નકલ

**O. 174 D**

A candidate appearing at any external examination shall be required to affix on the space provided on the examination form his passport size photograph duly signed by him and certified by either (1) a Government Gazetted Officer or (2) Principal of the College affiliated to this University or (3) any other member of the Court of this University, or (4) the Head Master of a recognized High School in the State of Gujarat.

૬) છેલ્લો અભ્યાસ કર્યા પછી રજીસ્ટ્રેશન કરાવવાની તારીખ સુધીમાં જો એક વર્ષ કે તેથી વધુ સમય સુધી આગળ અભ્યાસ કરેલ ન હોય તો નિયમ મુજબ સ્ટેમ્પ પેપર ઉપર આગળ અભ્યાસ કરેલ નથી તે બાબતનું સોગંદનામુ રજૂ કરવું ફરજિયાત છે

ઉપરોક્ત દર્શાવેલ નિયમમાં કોઈ જ અપવાદ નથી તેની ખાસ નોંધ લેવી. આ મુજબ કાર્યવાહી કર્યાથી જ સેમેસ્ટર ૧ની પરીક્ષા માટે નામ નોંધી શકાશે તેની ખાસ નોંધ લેશો

પરીક્ષા શરૂ થવાના પાંચ દિવસ પહેલા બેઠક નંબર તથા બેઠક વ્યવસ્થા તેમજ એડમિટ કાર્ડ યુનિવર્સિટી ની વેબસાઈટ પર જોઈ પ્રિન્ટ મેળવી શકાશે

પરીક્ષાનો બેઠક નંબર સમયપત્રક પરીક્ષાના સ્થળની માહિતી કોઈપણ વિદ્યાર્થીને ટપાલ દ્વારા મોકલવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી

વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ પરીક્ષાનો કાર્યક્રમ પરીક્ષાના એડમિટ કાર્ડ બેઠક વ્યવસ્થા અંગેની જાણ ટપાલ મારફત કરવામાં આવશે નહીં આ જાણકારી વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી ની વેબસાઈટ ઉપરથી જાતે મેળવી લેવી

આવેદનપત્ર ભરતા પહેલા જે-તે અભ્યાસમાં પ્રવેશ માટેની લાયકાત ચકાસીને જ ભરવું જો આવેદનપત્ર ભર્યા બાદ જે તે અભ્યાસ માટેની લાયકાત ધરાવતા નહીં હોય ફી અથવા વિગત અધુરી હશે કે અપૂર્ણ હશે અથવા તો જરૂરી દસ્તાવેજ સામેલ નહીં હોય કે અન્ય કોઈ ત્રુટી ખામી હશે તો તે આવેદન રદ કરવાનો ગુજરાત યુનિવર્સિટીને આબાધિત અધિકાર રહેશે તેમ જ આ અંગેની ભરેલી કોઈ ફી પરત કરવામાં આવશે નહીં

ગુજરાત યુનિવર્સિટી એક્સ્ટર્નલ પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગેના નિયમો અને માર્ગદર્શિકા મેં વાંચેલ છે જે મને બંધન કરતા રહેશે અને આવેદનપત્રમાં દર્શાવેલ તમામ વિગતો સાચી છે

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

- બીએ/બીકૉમ સેમેસ્ટર-૧ માટે રેગ્યુલર ફી
  1. ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ માટે
     - ફોર્મ ફી રૂ. ૫૦/-
     - નોંધણી ફી રૂ. ૧૧૦/-
     - પરીક્ષા ફી, માર્કશીટ ફી સહિત રૂ. ૭૦૦/-
     - કૂલ રૂ. ૮૬૦/-
  2. ગુજરાત બોર્ડ સિવાયના વિદ્યાર્થીઓ માટે રેગ્યુલર ફી
     - ફોર્મ ફી રૂ. ૫૦/-
     - એલીજીબ્લિટી ફી રૂ. ૧૧૦/-
     - નોંધણી ફી રૂ. ૧૧૦/-
     - પરીક્ષા ફી, માર્કશીટ ફી સહિત રૂ. ૭૦૦/-
     - કૂલ રૂ. ૯૭૦/-
  3. ગુજરાત યુનિવર્સિટી રીપીટર વિદ્યાર્થીઓ માટે રેગ્યુલર ફી
     - ફોર્મ ફી રૂ. ૫૦/-
     - પરીક્ષા ફી, માર્કશીટ ફી સહિત રૂ. ૭૦૦/-
     - કૂલ રૂ. ૭૫૦